

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'પદ'ની અતૃપ્ત ઈચ્છા મનમાં ચટકે છે,*
*ને 'કમલમ્'ની ખૂરશી હજીયે ખટકે છે,*
*અટક્યો એટલે જ કાર્યાલય આસપાસ -*
*કાર્યકરનો જીવ કોબ્રા થઈને ભટકે છે...*
*('કમલમ્' આસપાસ કોબ્રા - એક સમાચાર)*

હાઈકુ

*કેસરી રંગે*
*સરકારના ખર્ચે*
*થાય કલ્યાણ!!*

*આવશે ફરી,*
*નેતાશ્રીઓ 'આંટી'માં -*
*ગાંધી-જયંતિ...*

### ચિંતન

*। ધૃત્યા જયતિ રોગાન ॥*

ધીરજથી રોગ પર વિજય સાંપડે છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.મન, પ્રાણ અને ઈન્દ્રિયોને વશમાં રાખનાર ધીરજવાન મનુષ્યને રોગ સ્પર્શી શકતો નથી. રોગ બે પ્રકારના હોય છે. શારીરિક અને માનસિક ધીરજવાન વ્યક્તિનું શરીર હંમેશા સ્વસ્થ રહે છે. એટલે શારીરિક રોગો એને બહુ થતાં નથી. કામ, ક્રોધ, લોભ, ઘમંડ આદિ માનસિક રોગો છે. ધીકડ કેળવેલો મનુષ્ય પોતાના ચિત્તને વશમાં રાખી શકે છે. એટલે આ વિકૃતિઓ પણ એનાથી દૂર ભાગે છે.

ઘણીવાર રોગ માનસિક હોય છે. આજકાલ માણસો બધા વિષયનું અધકચરું જ્ઞાન ધરાવે છે તેથી 'ડાયાબીટીઝ'વાળાને નાની 'ફોડકી' થઈ હોય તો પણ 'ગેંગરીગ'ના ભયથી માંદા પડે - છાતીમાં ગેસનો દુખાવો થાય તો 'બાયપાસ' અને હાર્ટ સુધી ધબકવા લાગે છે.

ધીરજથી વિચાર અને ઉપચાર કરવાથી કોઈ બિમારી સતાવતી નથી.

### સુવિચાર

- પોતાના ગુણ અને દોષ અને પોતાની ક્ષમતાનું સાચું મૂલ્યાંકન કરવું જ તમારો મજબૂત પક્ષ છે - **સ્વામિ રામતીર્થ**
- ઘણીવાર તમારી મૂર્ખતા અને આળસથી કોઈ બીજાનું ભાગ્ય ચમકી જાય છે - **ચાણક્ય**
- જો તમે કોઈ સરળ કામને ગુંચવાડા ભર્યું બનાવવા માંગો છો તો એને ટાળતા રહો - **ઓટ્રિન મિલર**
- વધારે પડતા કામને લીધે લોકો તણાવગ્રસ્ત નથી હોતા, તેઓ તેમના શરુ કરેલા કાર્યને અધુરું રહી જવાને કારણે તણાવગ્રસ્ત હોય છે - **ડેવિડ એલન**
- ગરીબીમાં કરકસર, ક્રોધ પર શાંતિ અને અસત્ય પર સત્યથી જ વિજય શક્ય છે... અંધકારનું અસ્તિત્વ એક દિવા સામે ગૌણ છે, વિજયની ભાવના જ વિજયી બનાવી દે છે - **સામવેદ**
- દરેક દિવસની શરુઆત સુખદ, સંતુષ્ટ દ્દષ્ટિકોણથી કરો, તમને લાગશે કે તમારો દિવસ સુખદ અને સફળ પસાર થશે - **ગેટે**
- આજનું ઔષધ : લસણ અને મરી વાટી લેપ કરવાથી ગુમડા પાકીને ફુટી જશે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જેને મહેનત અને પરિશ્રમથી પુરુષાર્થ કરી મહાન થવું છે એવા લોકો 'ભાગ્ય', 'નશીબ','વિધવા' પર બહુ ભરોસો રાખતા નથી.

લોક માન્ય તિલક એકવાર મહારાષ્ટ્રમાં આવેલા તળે ગામે ગયા. નાનું રેલ્વે સ્ટેશન હતું. ત્યાં 'સમર્થ વિદ્યાલય'ની મૂલાકાત હતી. ગામના વિદ્વાન અને દેશપ્રેમી લોકો, શિક્ષકો સાથે 'સ્વાતંત્ર્ય' બાબત રસપૂર્વક ચર્ચા ચાલુ હતી.

તિલક મહારાજે ઘડિયાળ જોયું - ટ્રેન આવવાનો સમય થયો હતો. પંદર મિનિટ બાકી હતી. ચર્ચા સમેટવા લાગ્યા. ત્યાં ગામ લોકોએ કહ્યું, અમારા ગામે ટ્રેન દરરોજ અર્ધો-પોણો કલાક મોડી જ આવે છે એટલે આપ ચાલુ રાખો - ટ્રેન ચૂકી નહીં જવાય!

તિલક મહારાજ કહે હું નશીબ પર કદી જ આધાર રાખતો નથી. પુરુષાર્થમાં જ માનું છું. ટ્રેન આવવાના સમય પહેલાં જ મારે સ્ટેશન પહોંચવું જ જોઈએ...

# ગાંધીને જે સ્વરાજ ખપતું હતું તે કયાં છે?

### તંત્રીસ્થાનેથી...

વીસમી સદીના સૌથી પ્રભાવશાળી મહાપુરુષોના સર્વેક્ષણમાં તત્કાલીન ગુલામ હિંદુસ્તાનના એક ગુજરાતી બલકે એથીયે વધુ સ્પષ્ટ રીતે કહીએ તો એક કાઠિયાવાડી વાણિયાને સર્વોચ્ચ સ્થાને મૂકવામાં આવતો હોય, એના જન્મદિવસને વિશ્વ અહિંસાદિન તરીકે ઊજવતું હોય, તો એ નવી પેઢી માટે જરુર કુતૂહલ જન્માવે એવી બાબત છે. એવું તે શું હતું એ એક પોતડીભર રહેતા મૂઠી હાડકાંનાં માનવીમાં? શા માટે આખો દેશ બલકે દુનિયા એની પાછળ ઘેલી થઈ હશે? પોરબંદર જેવા છેવાડા નગરમાં જન્મી સાવ જ સામાન્ય કક્ષાની કારકિર્દી ધરાવતા એ મોહનદાસ નામના છોકરાને તો કોણ જાણે કેટકેટલી કુટેવોએ ભરડો લીધો હતો! એ અંધારાથી બીતો હતો એટલે ઘરની નોકરડી રંભાએ એને રામનામનો મંત્ર આપ્યો. આ રામનામે પથ્થર તર્યા હતા એમ કાળક્રમે ગાંધીના નામે ગઠિયા તરી ગયા. જીવન આખું સત્યના પ્રયોગોની પ્રયોગશાળા બની રહ્યું. અદના માનવીમાં પડેલી અંતર્નિહિત ઊર્જાનો વિસ્ફોટ થાય તો તે કયાંથી કયાં પહોંચી શકે એનું ઐતિહાસિક દ્દષ્ટાંત છે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી. દુનિયામાં ભાગ્યે જ કોઈ એવો પ્રદેશ હશે જયાં એમનું નામ નહીં પહોંચ્યું હોય. એમની પ્રતિમાઓ વિશ્વના ખૂણે ખૂણે મુકાઈ ચૂકી છે અને હજી મુકાતી રહેશે. પરંતુ ગાંધી પ્રતિમાપૂજક નહોતા. જે રામ પર એમને છેલ્લા શ્વાસ લગી અતૂટ શ્રદ્ધા હતી તે, એમના જ શબ્દો ટાંકીને કહીએ તો પેલા દશરથપુત્ર રામ નહીં બલકે ઘટઘટમાં વસતા રામ હતા. એથી તેઓ મંદિર-મસ્જિદ કે ગુરુદ્વારામાં જતા નહીં. ગાંધીજીએ આઝાદીની ચળવળનું નેતૃત્વ સંભાળતાં સંભાળતાં માનવમૂલ્યોના જતનનું સંવર્ધન કરવા તરફ લક્ષશ્ર આપ્યું હતું. એમણે સફાઈ ઝુંબેશને પ્રાર્થના સમકક્ષ મહત્ત્વ આપ્યું હતું અને શ્રમપૂર્વક આજીવિકા રળવા માટે ચરખો ચલાવ્યો હતો. કેળવણીના પાશ્ચાત્ય ઢાંચાને બદલી નાખી શ્રમ સાથેના શિક્ષણની હિમાયત કરતી વિદ્યાપીઠ શરુ કરી હતી.પ્રાર્થના પણ એકલા નહોતા કરતા. એમની પ્રાર્થના એ સામૂહિક પ્રાર્થના હતી, જેમાં તમામ ધર્મોના ગ્રંથોને સમાન આદર સાંપડતો. અલબત્ત પોતાને તમામ સમસ્યાઓનો ઉકેલ ગીતામાંથી સાંપડતો હોવાનો એકરાર કરવામાં હીણપત નહોતી અનુભવી. પરંતુ એમનો આરાધ્ય ઈષ્ટ દેવતા તો 'સત્ય' હતું, જેને પામવા માટે અહિંસાના માર્ગ પર ચાલવાનો એ આમરણ પુરુષાર્થ કરતા રહ્યા. ગાંધીજીને આ સત્ય અને અહિંસાની પ્રચંડ શક્તિનો પરચો દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ દરમિયાન મળ્યો હતો. પીટર મોરિત્ઝબર્ગ રેલવે સ્ટેશન પર ફર્સ્ટ કલાસની ટિકીસ હોવા છતાં લાત મારીને સામાન ફેંકી દેનાર ટિકીટ ચેકરે એમનામાં સૂતેલાં સત્યાગ્રહીને ઢંઢોળીને જગાડ્યો ન હોત તો કદાચ દુનિયાને મહાત્મા ગાંધી મળ્યા જ ન હોત. નેલ્સન મંડેલાએ ગાંધી માર્ગે જ દક્ષિણ આફ્રિકામાં રંગભેદના દૂષણથી આઝાદી અપાવી હતી. કેવી કમનસીબી કે જે મહાપુરુષે પરિવારને હાંસિયે ધકેલી દઈ દેશ આકાને પોતાનો પરિવાર માની લીધો, એના દુ:ખે દુ:ખી થઈ અકિંચન ઓલિયાની જીવનશૈલી અપનાવી પ્રચંડ શક્તિશાળી બ્રિટીશ સત્તા સામે મોરચો માંડીને લોહીનું એક પણ ટીપું વહાવ્યા વગર આઝાદી અપાવી, એ જ દેશની પ્રજાએ એને જિંદગીના અંતિમ અધ્યાય વખતે એકલો પાડી દીધો! જે દેશના પોતે કોઈ કાળે ટુકડા નહીં થવા દે એવી પ્રતિજ્ઞા લઈને બેઠા હતા, એમની નજર સામે લોહીની નદીઓ વહેતી થઈ ગઈ અને દુ:ખી થઈને એમને કહેવું પડ્યું : મને આવી આઝાદી તો નહોતી જ ખપતી! - આજે એમની એકસો સુડતાલીસમી જયંતિ પ્રસંગે પ્રત્યેક દેશવાસીની ફરજ છે કે એ પોતાના અંતરાત્માને ઢંઢોળે : શું ગાંધીની હત્યા એકલા નથ્થુરામ ગોડસે જ કરી હતી ? આપણે ભલે તે સમયે જન્મ્યા પણ ન હોઈએ, છતાં એમના વિચારદેહની હત્યામાં જાણ્યે-અજાણ્યે સહભાગી નથી બન્યાં ? ગાંધીને મન તો આઝાદી કરતાં પણ અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, સફાઈ અને રાષ્ટ્રભાષા જેવા પ્રશ્નો ટૉપ પ્રાયોરિટીમાં આવતા હતા. શું આપણે એમના એ રચનાત્મક કાર્યક્રમો પ્રત્યે ઉદાસીન નથી રહ્યા? જે સ્વરાજ કે રામરાજયની ગાંધીની કલ્પના હતી એવું સ્વરાજ આજે સૂક્ષ્મદર્શક યંત્ર લઈને શોધવા નીકળીએ તોય નજરે ચડી શકે એમ છે?

# ડાકુઓની લાગણી અને માગણીને ધ્યાનમાં લઈ તેમને જંગલ સંરક્ષણમાં જોડાવા માટેના પ્રયાસો હાથ ધરાયા છે

**વનસૃષ્ટિનો પરિચય**
**હેમંત સુથાર**



(ગતાંકથી આગળ...)

ડાકુમાંથી સંત બનેલા એવા દેશભરમાં જાણીતાં પંચમસિંહ કે જેઓ સામે ૧૦૦ જેટલી હત્યા કર્યાનો ગુનો છે અને તેમના એક સાથી દ્વારા સ્ત્રી પ્રત્યે ખરાબ વર્તન કરવાના કારણે જીવતાં સળગાવી દેવાયાનું કહેવાય છે તેઓ પણ પર્યાવરણ સંરક્ષણના કાર્યમાં જોડાવા માગે છે તે કોઈ ઓછી પ્રેરણાદાયી કે નાની સુની વાત નથી. તેઓએ પણ આ અભિયાનમાં જોડાઈને સરકારશ્રી તેમને ખીણ ભાગના જંગલો સાચવવાની જવાબદારી સોંપે તેવી માંગ કરી છે.



ડાકુરાણી સીમા પરિહારે ખુબ જ સરસ વાત કરતાં જણાવ્યું છે ખેડૂતો કે અન્ય લોકો અમે જેટલું જંગલને જાણીએ છીએ તેટલું જાણતાં નથી. અમારા જીવનમાં વૃક્ષો સિવાય અમારો કોઈ આશરો નહોતો. અમારે માથે જયારે છત ન હતી ત્યારે શિયાળો, ઉનાળો જેવી આકરી ઋતુમાં વૃક્ષો જ અમારું ઘર હતા. વધુમાં તે લાગણીસભર વાત કહેતા જણાવે છે કે તે સમયે જંગલો ઘણાં હરિયાળા અને ગીચ હતાં. અમારું દિલ તેવા જંગલો છોડવા માટે માનતું જ ન હતું. અમે પ્રાણીઓ અને વનસ્પતિઓથી ઘેરાયેલા હતા. વનો જોવા હતાં તેવા બે ટકા પણ આજે નથી. તેણીના કહેવા પ્રમાણે સરકાર અમને જંગલ સંરક્ષણની જવાબદારી આપે તો અમે ૬ મહિનામાં પરિણામ આપવાનું વચન આપીએ છીએ.

લોકપ્રિય શોલે ફિલ્મના લોકપ્રિય ડાકુ ગબ્બરસિંહનું નામ ચંબલના ડાકુ ગબ્બરસિંહ પરથી રખાયું છે. તેના કહેવા પ્રમાણે તે કોઈના હાથા કાપતો ન હતો કે કોઈ સ્ત્રીને તેના નામે ખોટી લોકવાયકાઓ પ્રચલિત બની છે. વધુમાં તે કહે છે કે વૃક્ષો કપાવવા અને ચંબલ નદીની રેતીના ગેરકાયદેસર ચોરીના કૃત્યોમાં મોટામાથાઓ સંડોવાયેલા છે. તે અટકવું જોઈએ.


ચંબલ નદીની ખીણોની ઉબડ-ખાબડ જમીનો સમતલ બનાવીને ખેતરો-ઉદ્યોગો માટે જમીન વપરાશમાં લેવાઈ રહી છે. નદીમાંથી મોટાપ્રમાણમાં ગેરકાયદેસર રેતી ચોરાઈ રહી છે. જંગલો/વૃક્ષોનો બેફામ વિનાશ થઈ રહ્યો છે. આ કારણે નદીકાંઠાના વિશિષ્ટ પરિસરતંત્રનો નાશ થઈ રહ્યો છે. ખાસ કરીને 'ઘરિયાલ મગર' જેવા જીવે લુપ્ત થવાની યાદીમાં મુકાઈ ગયા છે.

જે ડાકુઓ પ્રત્યે લોકો નફરતથી જોતાં હતા કે જેમણે સમાજના અન્યાયો સામું લડત ઉપાડી હતી તેવા ડાકુઓ આજે જમીન સમચલ કરવા સામે, વૃક્ષો કપાવવા અટકાવવા નદી, નદીના ઝરણાં, નદીના ધોધનું રક્ષણ કરવા અને પ્રવાસન સ્થલો વિકસાવી ને તથા અભ્યારણ્ય જાહેર કરીને પર્યાવરણનું જતન-રક્ષણ કરવા સમાજ તથા સરકારને અપીલ કરી રહ્યા છે અને જવાબદારી હાથ પર લેવા ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે. તેનાથી વધુ ગંભીર વાત કોઈ જાગૃત, શિક્ષિત અને સભ્ય સમાજ માટે બીજી કઈ હોઈ શકે.

રાજસ્થાનના અગ્ર મુખ્ય વન સંરક્ષક દ્વારા આ બાબતે ગંભીરતાથી વિચારાઈ રહ્યું છે. તેમના કહેવા પ્રમાણે આ વિસ્તાર ત્રણ રાજયોને લાગુ પડતો હોઈ કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગની સામેલગીરી જરુરી છે.

સ્થાનિક સંસદ સભ્ય રામચરણ બહોરા દ્વારા રાજસ્થાનના મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી કક્ષાએ આ હકીકતને ઉજાગર કરીને ડાકુઓની લાગણી અને માગણીને ધ્યાનમાં લઈ તેમને જંગલ સંરક્ષણમાં જોડાવા માટેના પ્રયાસો હાથ ધરાયા છે.

# ઉછીના માતૃત્વની સંવેદનશીલ લઘુનવલ : કૂખ




**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**



નવલકથા એ માનવજીવનનું મહાકાવ્ય છે. 'સઘરા જેસંગનો સાળો'થી આરંભાયેલી આ નવલયાત્રામાં ઘણા સ્થિત્યંતરો આવ્યા છે. ગોવર્ધનરામની સરસ્વતીચન્દ્ર હોય કે મુનશીની ઐતિહાસિક પાત્રસૃષ્ટિ હોય કે ધૂમકેતુ, મડિયા કે પન્નાલાલની ગ્રામસૃષ્ટિની સંવેદના હોય કે બક્ષી, મધુરાય કે સુરેશ જોશીની અરૂઢ વ્યવહારની પાત્રસૃષ્ટિ અને શૈલી હોય, ગુજરાતી નવલકથાએ આ ૧૫૦ વર્ષમાં ચોક્કસ ગુજરાતી ભાષા બહાર પણ પોતાનું ગજુ કાઢ્યું છે 'સરસ્વતીચન્દ્ર' નો કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા હિંદીમાં અનુવાદ થાય એ ગુજરાતી ભાષા માટે ગૌરવ, સન્માન જ છે. એમ કહી શકાય.

એક હકિકત એ પણ છે કે ગુજરાતી નવલકથા બક્ષી, મધુરાય કે સુરેશ જોશી પછી આગળ વધી શકી નથી. આ ત્રણેય સર્જકોની કલમે ગુજરાતી નવલકથાનો છેલ્લો શ્રુંગાર થયો એમ કહી શકાય. અને તત્કાલીન સમય સુધી આ પરંપરામાં ગુજરાતી નવલકથાઓ લખાતી રહી છે. વિષય અને સંવેદનની દ્દષ્ટિએ ઘણા આધુનિક નવલકથાકારોએ પોતાનો કસબ બતાવ્યો છે. એમાં પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ', જોસેફ મેકવાનની'આંગળિયાત', અશોકપુરી ગોસ્વામીની 'કૂવો', રામચન્દ્ર પટેલની 'રાજગઢી', રજનીકુમારની 'કુંતી', સુભાષ શાહની 'મહારાજ', વર્ષા અડાલજાની 'લાક્ષાગૃહ', કુંદનિકા કાપડિયાની 'સાત પગલા આકાશમાં', હોય કે શ્રી રઘુવીર ચૌધરીની 'સોમતીર્થ' હોય. આ ઉપરાંત ઘણી બધી નવલકથાઓના સર્જકોએ નવલકથાના ભાવવિશ્વને નવી ઊંચાઇ આપી છે. શૈલી બધાની પરંપરિત રહી છે એ પણ સ્વીકાર્ય બાબત છે.

ગુજરાતી કથાસાહિત્યમાં રાઘવજી માધડનું નામ ખુબ જાણીતું છે. સાહિત્યિક અને લોકપ્રિયતા બન્ને ક્ષેત્રોમાં તેમને સફળતા મળી છે સૌરાષ્ટ્રના સાવ નાના એવા ગામના નાના એવા સમાજમાંથી આવનાર આ સર્જકે જિંદગી ખુબ નજીકથી જોઇને પ્રમાણી છે. માણસાઇના ઘણા સારા – નરસા રૂપોને અનુભવીને પોતાની કલમે નિરૂપ્યા છે. અને તેથી જ કદાચ તેમની વાર્તાઓ કે નવલકથાઓમાં જીવાતું જીવન વિશેષ લાગે છે. આવા સર્જકની કલમે વર્ષ – ૨૦૦૯માં એક જુદા પ્રકારની લઘુનવલ 'કૂખ'' લખાયેલી છે જેના પ્રત્યે આપણા સર્જકો કે વિવેચકોનું ધ્યાન કદાચ નથી ગયું. આ લઘુનવલનો વિષય આજે ભારે ચર્ચામાં છે અને આપણા સાહિત્યમાં પહેલી વખત પ્રયોજાય છે. વિષય છે 'સેરોગેટ મધર - ઊછીનું માતૃત્વ' આ વિષય બિલકુલ નવો છે. આના વિશે આપણે ત્યા ખુબ ઓછી સમજ અને માહિતી છે. પરંતુ લેખકે અહીં એને સંશોધનના સ્તર પર મેડિકલ સાયન્સના આધારો જોઇ તપાસીને બે સ્ત્રીઓના વલોવાતા હદયની સંવેદનાઓ એકદમ સૂક્ષ્મતાથી નિરૂપી છે.

કથાનો આરંભ અમેરિકાથી આવતા એક ફોનથી થાય છે. અંજુ નામની એક સ્ત્રીનો ફોન ગાંધીનગર રહેતા નાયક 'પ્રકાશ' પર આવે છે. અને એ ફોનમાં થતી વાતચીતમાંથી ભૂતકાળના સંસ્મરણોના અનેક પડદાઓ ખૂલે અને દીકરીને દત્તક લેવા ભારત – ગુજરાત આવતી નાયિકા અંજુ પ્રકાશને મળે અને દસ વર્ષ પહેલાનો કૉલેજકાળમાં અસ્ત પામેલો લાગણીનો સંબંધ ફરીથી સળવળે છે. આ બાજુ પ્રકાશની ઓફિસમાં 'સ્મિતા' સાથેનો પ્રકાશનો સંબંધ એકદમ મનના ઊંડા ખૂણે સૂક્ષ્મતાથી નિરૂપાતો જાય છે. અંજુના આગમન પછી તેના પિતા, ભાઇઓ, બહેનપણી વંદના જેવા પાત્રો ઉમેરાતા જાય છે. કથા આગળ વધે છે અને અચાનક દીકરી દત્તક લેવાને બદલે પ્રકાશ દ્વારા 'સેરોગેટ મધર' નો વિચાર આપવામાં આવે છે. અંજુ એ પ્રસ્તાવ સ્વીકારી એમાં આગળ વધવાનું નક્કી કરે છે. જેને કારણે અરવિંદભાઇ અને દક્ષા જેવા પાત્રો પ્રવેશે છે. કથાના અંતિમ ભાગમાં અંજુ અને દક્ષા દ્વારા સ્ત્રીત્વ, માતૃત્વ સંદર્ભે થતું મનોમંથન ભાવકોને નવા ભાવવિશ્વમાં લઇ જાય છે. જો કે અંતે લેખક કોઇ બીજી સ્ત્રીની કૂખ ભાડે લેવા કરતા પોતાની જ કૂખમાં બાળક ઉછેરવાનો સુખદ નિર્ણય આપી સેરોગેટ મધરના વિચારને ફળિભૂત કરતા નથી. પણ એક સંવેદનશીલ આયામ આપી જાય છે.

કથાગૂંથણીની દ્દષ્ટિએ જોઇએ તો શરૂઆતના પ્રકરણો મૂળકથાની ભૂમિકારૂપે લાગે છે પણ એ સંદર્ભે થતી વાતો, ફોન, એ મુલાકાતો, ભુતકાળ આ બધુ કથારસને ક્યાંક નબળો પાડે છે. પરંતુ પૃષ્ઠ ૫૭થી સેરોગેટ મધરનો કોન્સેપ્ટ પ્રવેશતા જ કથારસ ગતિ પકડે છે એની ભાષા બદલાય છે. એની સંવેદનશીલતા ધારદાર બને છે. 'હવે શું થશે?'નો ભાવ ભાવકોના માનસમાં સતત રમ્યા કરે છે. જો કે કથાની ગતિ અને ગૂંથણી સીધી રેખાએ જ ચાલે છે. નાયિકા અંજુ અને પ્રકાશની અરવિંદભાઇ – દક્ષા સાથેની મુલાકાત બન્ને પક્ષે ઉછીના માતૃત્વ સંદર્ભે થતી ચર્ચા અને મનોમંથન, એ દરમિયાન વચ્ચે અંજુના જીવનના અતીતની વાત, એના ઘેર ગામડે પિતા – બે ભાઇઓ સાથેની મુલાકાત – વ્યવહાર અંજુના પરદેશ થયેલા લગ્ન, છેતરપીંડી, પીડા, સમજ ગેરસમજ... આ બધુ વાચકોના મનમાં અંજુ સંદર્ભે ઊભા થયેલા પ્રશ્નોનું નિરાકરણ કરે છે. પણ કથારસમાં સ્પીડબ્રેકર બની રહે છે. અંતે અંજુ અને તેની મિત્ર વંદનાની વાતચીત ' પોતે જ મા બનવાની વાતનું બીજારોપણ ' અને કથામાં આવતો વળાંક સુખદ અંત આપે છે. કંઇક જોરદાર બનશે, ના વિચાર્યું હોય એવું બનશે, એવી સંવેદના સ્ત્રી વાચકોના મનમાં ઊભી કરવામાં લેખક સફળ રહે છે. સ્ત્રી વાચકોને કદાચ ધાર્યો અંત નથી મળતો પણ એક નવી દિશા જરૂર મળે છે. વળી જે નવો વિષય અહીં લેખક લાવે છે તે પરાકાષ્ટાએ પહોંચીને પરિણામલક્ષી બનવાને બદલે અધૂરો રહ્યાની લાગણી જન્મે છે. જો કે સ્ત્રી સંવેદનાની દ્દષ્ટિએ લેખક એક સ્ત્રીની ભાવનાને, માતૃત્વના ભાવને અન્યાય કરતા નથી. ઉછીનું માતૃત્વ એ સ્ત્રીની માતૃત્વભાવનાનું અપમાન છે. આપણા ભારતીય સમાજમાં એ સ્વીકૃત ના જ હોવું જોઇએ એવી આદર્શવાદી વાત લેખક રજુ કરીને નાયિકા અંજુ પોતાના જ ગર્ભમાં પોતાનું જ બાળક ધારણ કરશે એવો અંત આપીને 'સેરોગેટ મધર''ના નવા કોન્સેપ્ટને તિલાંજલી આપે છે.

આ કથામાં સર્જકે સ્ત્રી પુરુષ સંબંધો સંદર્ભે કેટલાક વિચારણીય સંવેદનો રજુ કર્યા છે. અંજુ જ્યારે ગાંધીનગરની હૉટેલમાં રાત રોકાય છે પ્રકાશ એને રાત્રે ગરબા રમ્યા બાદ મૂકવા જાય છે ત્યારે પ્રકાશ રૂમમાં સાથે રોકાતો નથી તે પોતાના ઘેર પરત ફરે છે. અહીં પણ વાચકોની અપેક્ષાનો ભંગ થાય છે. તો વળી અંતમાં પણ અંજુ એક વખત પ્રકાશના ઘરમાં રોકાય

**અનુસંધાન પાના નં. ૭ પર**

# સેના બોલતી નહિ, સેના પરાક્રમ કરતી હૈ...!!!

**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**



'જો પાકિસ્તાની સેના આપણી સરહદમાં કારગીલમાં ઘુસી શકતી હોય તો આપણે તો પીઓકેમાં ઘુસી જ શકીએ ને? કેમ નહિ? પાકિસ્તાન ' લાતો કે ભૂત છે બાતો કે નહિ ' એટલી સાદી સમજ તો હવે આમ લોકોમાં પણ આવી ગઈ છે અને આમેય પાકિસ્તાન લાખ કોશિશો છતાં એની હલકટાઈ છોડવાનું નથી જ. એટલે નરેન્દ્ર મોદીને એમના જ શબ્દો વારંવાર યાદ અપાવવા જરૂરી જ બને છે કે ' પાકિસ્તાનને એની જ ભાષામાં જવાબ આપવો પડે..આપવો પડે અને આપવો જ પડે !' ...હજુ ગયા રવિવારે આ જ જગ્યાએ આ શબ્દો લખ્યા ત્યારે આશા તો હતી જ કે આપણી સેના અને સરકાર ઉરી હુમલાનો બદલો ચોક્કસ લેશે પણ આટલી ઝડપથી અને આટલી ચોક્કસાઈથી લેશે એવી કલ્પના તો આ લખનાર સહીત કોઈ ભારતીયને નહોતી જ...! પણ આ લખ્યાના મહજ ૮૪ કલાકની અંદર અંદર તો ભારતીય સેનાએ એવું પરાક્રમ કરી બતાવ્યું કે જેની રાહ કદાચ વર્ષોથી ભારતીય જનતા જોઈ રહી હતી...!

ગુજરાતીમાં કહેવત છે ને કે 'પહેલો ઘા રાણા નો', બુધવારની મોડી રાતે બસ પાકિસ્તાન સાથે બિલકુલ એવું જ થયું...આકાશમાંથી ઉતર્યા ખૂંખાર કમાન્ડો અને પાકિસ્તાની કબજાવાળા કાશ્મીરમાં ચાલતા અને ઘુસણખોરીની રાહ જોઈને બેઠેલા અંદાજે ચાલીસેક ત્રાસવાદીઓને ઢાળી દીધા ને સાથેસાથે એનો બચાવ કરનારા ૨ કે પછી ૯ પાકિસ્તાની સેનાના જવાનોને પણ ! પાકિસ્તાન હેબતાઈ ગયું, અરે પાકિસ્તાન તો છોડો આખી દુનિયાને અચંબો થયો. આ શું? આટઆટલા વર્ષોથી ફક્ત 'કડી નિંદા' જ કરતી અને ત્રાસવાદ સહન કરીને પણ કશું જ નાં કરતી ભારતીય સેના અને સરકાર અચાનક આટલી બધી આક્રમક કેમ બની ગઈ? રશિયા, ચીન સહિતના બધા દેશોએ એકી આવજે મોદી સરકાર અને સેનાની આ વીરગાથાને વધાવી અને સૌથી વધુ સરાહના કરી અમેરિકા જેવા પાકિસ્તાનના મિત્ર દેશે પણ..!! દેશ આખામાં ખુશીની લહેર અને 'બદલો લીધો' નો આનંદ સ્પષ્ટ દેખાવા લાગ્યો. મોદી ફક્ત બોલી જ જાણે છે એવું કહેનારાઓના મોઢા સિવાય ગયા અને એ પણ એટલે સુધી કે કટ્ટર વિરોધપક્ષોએ પણ ભારતની અખંડતાને સલામત રાખવાના સરકારના આ પ્રયાસ અને સેનાની આ બહાદુરીને એકીઅવાજે વખાણી , પ્રોત્સાહિત કરી અને સલામી આપી..!

પાકિસ્તાન માટે તો આ 'ચોરની માં કોઠીમાં મોઢું ઘાલીને રુએ' એવો ઘાટ હતો. આપણા જાંબાઝ કમાન્ડોએ જેનો ઢાળિયો બોલાવી દીધો એ ચોક્કસપણે પાકિસ્તાની નાગરિક જ હતા પણ સૌથી મોટી વાત એ હતી કે એ આતંકવાદી હતા અને પાકિસ્તાન માટે નાલેશીભરી સ્થિતિનું નિર્માણ એટલા માટે થયું કે એ બચાડા કબુલ પણ કરી શકે એમ નહોતા કે ભારતીય સેનાએ એમના નાગરિકો પર હુમલો કર્યો..! કેમકે એમ કરવા જતા પાકિસ્તાન વધુ ઉઘાડું પડી જાય અને જગતને જવાબ આપવા પડે કે આટલા બધા ત્રાસવાદીઓ ત્યાં શું કરતા હતા? અને એ પણ પાકિસ્તાની સેનાની નિગરાનીમાં? આ લખાય છે ત્યારે શનિવારે 'સર્જીકલ સ્ટ્રાઈક' ને લગભગ ૩ દિવસ જેવો સમય થઇ ચુક્યો છે પણ પહેલીવાર એવું બન્યું છે કે પાકિસ્તાન સરકાર અને સેના બંને બેકફૂટ પર આવી ગઈ છે. શું કરવું એની સમજ હજુ પણ આવી નથી બસ આનન-ફાનનમાં 'યુદ્ધ માટે તૈયાર છીએ' એવા બણગાઓ ફૂંકવાનું ચાલુ કરી દીધું છે..! પણ આ બણગાઓની પાછળ છુપાયેલી એમની બોખલાહટ સાફ દેખાય આવે છે.

અને એનું કારણ પણ છે. પાકિસ્તાન વર્ષોથી ભારત સાથે પ્રોક્સી વોર રમી રહ્યું છે. નીતનવા સંગઠનોને પાકિસ્તાની સેના ટેકો આપીને ભારતમાં તબાહી મચાવવા મોકલતું રહ્યું છે અને આમેય પાકિસ્તાન સાથે થયેલા બધા જ યુધ્ધો જુઓ તો ખ્યાલ આવી જશે કે દરેક યુધ્ધમાં પાકિસ્તાની સેના પોતાના અસલ યુનિફોર્મનો ઉપયોગ કર્યા વગર બીજા જ વેશ-પરીવેશોમાં ભારત સાથે યુધ્ધમાં જમ્પ્લાવતું રહ્યું છે. ક્યારેક કબાલીઓના નામે તો ક્યારેક ચરવાહાના વેશમાં ભારતીય જમીન પર આક્રમણ કરતું રહ્યું છે. પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં વર્ષોથી આ જ પ્રવૃત્તિ કરતું પાકિસ્તાન આ વખતે બરાબરનું ફસાયું છે. પાકિસ્તાન સાથેના યુધ્ધો વખતે અગાઉની બધી જ સરકારની કોઈને કોઈ નબળાઈ કે વીલપાવરની તકલીફનો બરાબરનો ફાયદો ઉઠાવીને પાકિસ્તાન પીઓકેની જમીનનો ભારત વિરુદ્ધ ઉપયોગ કરતું રહ્યું છે. આ વખતે ભારતે પીઓકે કે જે આમ તો ભારતનો જ વિસ્તાર ગણાય છે ત્યાં જ જઈને 'ચોરની દાઢીમાંથી તિનકા' કાઢવાનું અત્યાર સુધી અશક્ય લાગતું કામ કરી બતાવ્યું છે.

આખી દુનિયા જાણે છે કે પાકિસ્તાન હંમેશાથી આતંકનો ગઢ રહ્યો છે. આપણી સરકારે ' સર્જીકલ સ્ટ્રાઈક' પહેલા ચલાવેલા પાકિસ્તાન વિરુદ્ધ અભિયાનમાં પણ એ વાત સાફ કરી દેવાઈ હતી કે દુનિયામાં થતા દરેક આતંકવાદી હુમલામાં ક્યાંક ને ક્યાંક પાકિસ્તાન કનેક્શન નીકળતું રહ્યું છે. અબોતાબાદમાં મરેલો લાદેન કે પછી ડ્રોન હુમલામાં મરેલો મુલ્લા ઉમર એના દાખલા છે. દુનિયાભરની નાલેશી છતાં પાકિસ્તાન એ વાત પર મુસ્તેદ હતું કે ભારત ક્યારેય આકરું પગલું નહિ ભરી શકે અને એની જ હવામાં એ મસુદ અઝહર , દાઉદ ,હાફીઝ સૈયદ જેવા સર્પોને ઉછેરીને ભારત અને દુનિયામાં આતંક ફેલાવવા છૂટતું મૂકતું રહ્યું છે. પણ આ વખતે નવાઝ અને રાહીલમિયા બરાબર મુહ્ભેર પટકાયા છે. એક તો ભારતીય સેનાએ ખુલ્લેઆમ પાકિસ્તાનનું નાક કાપી લીધું છે અને બીજું કે સમગ્ર દુનિયાભરમાંથી કોઈ જ પ્રકારનો સહયોગ તો દુર ઉલટાનું ટીકાનો સામનો કરવો પડ્યો છે. પાકિસ્તાન એના જે મિત્રદેશો પર મુસ્તેદ હતું એ દેશો પણ અત્યારે તો ચુપ છે.

પાકિસ્તાનને ડોશી (આતંકવાદી) મરે એના કરતા યમરાજા (ભારત) ઘર ભાળી જાય એની બીક અત્યારે વધુ છે અને એ સ્પષ્ટ દેખાય આવે છે કેમકે પાકિસ્તાનને સપને પણ ખ્યાલ નહિ હોય કે જ્યારે પાકિસ્તાન અને રશિયાની સેના સંયુક્ત અભ્યાસ કરી રહી હોય ત્યારે ભારત કોઈ જવાબી હુમલો કરશે. અને બીજું કે પાકિસ્તાનને આટલા વર્ષો પછી એટલી જ અક્કલ હતી કે ભારત બહુ બહુ તો નિંદા કરશે કે બહુ બોલકા વડાપ્રધાન એકાદું લેકચર આપશે બસ..પછી બધું પાછું જૈસે થે થઈ જશે..!!! પણ કહેવાય છે ને કે અતિની કોઈ ગતિ નથી હોતી. એ બાજુ પાકિસ્તાન એટલું હવામાં હતું કે મિયા શરીફ તો યુનોના ભાષણ બાબતે એમની થયેલી બદનામી છતાં અને ખબર હતી કે ભારતમાં ઉરી હુમલાને લઈને રોષ છે

**અનુસંધાન પાના નં. ૭ પર**